

P.07

કંગના રનૌત ક્વીન ટુ અને તનુ વેડસ મનુ ૩ પર કામ શરૂ કર્યું

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.07

જાહ્નવી તેના પાર્ટનરમાં કેટલાક ખાસ ગુણો ઇચ્છે છે, કપિલ શર્માના શોમાં રહસ્ય ખુલ્યું

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૩૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 30 • Dt.01-09-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



પાકિસ્તાનમાં પૂરે તબાહી મચાવી, છેલ્લા ૨૪ કલાકમાં । ૩૦ લોકોના મોત હજારો ગામો ડૂબી ગયા 07




01
SEPTEMBER- 2025
MONDAY




07 પીએમ મોદી યુદ્ધ બંધ કરશે, ટ્રમ્પ જોતા જ રહી જશે, ઝેલેન્સકીએ ફોન પર વાત કરી


અંકલેશ્વરના ૧૪ ગામો પણ એલર્ટ પર

### નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ ઊભી થવાની શક્યતા હોવાથી તંત્ર સતત નજર રાખી રહ્યું છે

# ભરૂચમાં નર્મદા નદી ભયજનક સપાટીએ । પૂર જેવી સ્થિતિનો ભય

### અંકલેશ્વરના મામલતદાર કરણસિંહ રાજપૂતે જણાવ્યું કે, “નર્મદા નદીમાં પાણી છોડવાના કારણે તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે । હાલ પૂર જેવી ગંભીર પરિસ્થિતિ નથી, પરંતુ લોકોએ ગભરાયા વગર સાવચેત રહેવું જોઈએ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૩૧ ।

ભરૂચ જિલ્લાના લોકો માટે ફરી એક વાર ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થઈ છે. નર્મદા નદીમાં ઉપરવાસમાંથી આવેલ ભારે પાણીના કારણે ગોલ્ડન બ્રિજ ખાતે નદી સિઝન દરમિયાન બીજીવાર બંને કાંઠે વહી રહી છે. હાલ નર્મદા નદીની જળ સપાટી ૧૯ ફૂટ સુધી પહોંચી ગઈ છે. ઉપરવાસમાં થયેલા સતત વરસાદના પગલે સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની ભારે આવક નોંધાઈ હતી. જેના કારણે ડેમમાંથી ૨.૯૫ લાખ ક્યુસેક પાણી છોડાયું હતું.જોકે આજે સવારે ૭ વાગ્યે પાણીની આવકમાં ધરખમ ઘટાડો થતાં ૧૫માંથી ૫ દરવાજા બંધ કરાયા છે. હાલ ૧૦ દરવાજા ૧.૪૦ મીટર ખોલીને લગભગ ૧ લાખ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે, જ્યારે પાવરહાઉસ મારફતે વધારાના ૪૫ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. કુલ મળીને હાલ નર્મદા નદીમાં ૧.૪૫ લાખ ક્યુસેક પાણી છોડાવાની પ્રક્રિયા ચાલુ છે.ભરૂચ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ ઊભી ન થાય તે માટે તંત્ર સતર્ક બન્યું છે. અંકલેશ્વરના મામલતદાર દ્વારા ૧૪ જેટલા ગામોને ખાસ સાવચેતી રાખવા સૂચના અપાઈ છે. તંત્ર દ્વારા જાહેર જનતાને નદી કાંઠા પાસે ન જવા તેમજ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.ઝઘડિયા અને નેત્રંગ તાલુકામાં સર્વાધિક વરસાદ નોંધાતા ત્યાંની નદીઓ અને ખાડીઓમાં પાણીની સપાટી વધી ગઈ છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદ જેમાં જંબુસરઃ ૬ મી.મી.,આમોદઃ ૨ મી.મી.,વાગરાઃ ૩ મી.મી.,ભરૂચઃ ૧ મી.મી.,ઝઘડિયાઃ ૨ ઈંચ,અંકલેશ્વરઃ ૩ મી.મી.,હાંસોટઃ ૬ મી.મી.,વાલિયાઃ ૩ મી.મી.,નેત્રંગઃ ૩ ઈંચ વરસાદ થયા છે. ભરૂચ જિલ્લાના કલેક્ટરેટ તથા સંબંધિત તંત્ર દ્વારા જાહેર જનતાને અનાવશ્યક રીતે નદીકાંઠા, નાળા અને ખાડીઓ પાસે ન જવાની કડક સૂચના આપવામાં આવી છે. પાણીની સપાટીમાં અચાનક વધારો થઈ શકે છે, તેથી લોકો પોતાના પરિવાર તથા પશુધનની સલામતી માટે આગોતરા પગલાં લે તેવી વિનંતી કરવામાં આવી છે.

### સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીમાં અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો

# દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદી માહોલ । સિંગવડમાં ૪ કલાકમાં અઢી ઈંચ વરસાદ

। પ્રતિનિધિ, દાહોદ, તા.૩૧ ।

દક્ષિણ અને ઉત્તર ગુજરાતના જિલ્લામાં ધોધમાર વરસાદી માહોલ જામ્યો છે, દાહોદના સિંગવડમાં રવિવારે (૩૧મી ઓગસ્ટ) સવારથી વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીમાં અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે અમદાવાદમાં ૧.૫૪ ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે દાહોદમાં પણ ૧.૩ ઈંચ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગ મુજબ ૧૯ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. જેમાં સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરુચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. આગામી ૫હેલી અને બીજી સપ્ટેમ્બરના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.ત્રીજી સપ્ટેમ્બરે છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં ઑરેન્જ એલર્ટ અને પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરુચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. ચોથી સપ્ટેમ્બરના રોજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં તાપી અને ડાંગ જિલ્લામાં ઑરેન્જ એલર્ટ અને ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, ભરુચ, નર્મદા, સુરત, નવસારી અને વલલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.







## પશુપ્રેમીઓમાં રોષ ફેલાયો

# મહેસાણા જિલ્લાના થોળ ગામે પાંજરાપોળમાં ૨૦ ગાયોના મોત

### ગાયોને પૂરતો ઘાસચારો ન આપતા હોવાનો, તેમજ યોગ્ય તબીબી સારવાર કે તકેદારી ન રાખવામાં આવતી હોવાનો આક્ષેપ

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૩૧ |

મહેસાણાના થોળ ગામે આવેલી રાધાકૃષ્ણ પાંજરાપોળમાંથી એક દુખદ ઘટના સામે આવી છે. આ પાંજરાપોળમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પકડવામાં આવેલી ગાયોને લાવવામાં આવે છે. મહાનગરપાલિકા તેમના નિભાવ માટે ખર્ચ પણ પાંજરાપોળને ચૂકવે છે. છતાં પણ ગાયોને પૂરતો ઘાસચારો ન આપતા હોવાનો, તેમજ યોગ્ય તબીબી સારવાર કે તકેદારી ન રાખવામાં આવતી હોવાનો આક્ષેપ પાંજરાપોળના સંચાલકો પર કરવામાં આવ્યો છે.ખાનગી ટ્રસ્ટના જણાવ્યા અનુસાર ગાયોને બેધ્યાન હાલતમાં રાખવામાં આવી રહી હતી અને તેમનું યોગ્ય રીતે પાલનપોષણ નહતું કરવામાં આવી રહ્યું. મૃત ગાયોને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવી છે અને તેના રિપોર્ટ બાદ સ્પષ્ટતા થશે કે મૃત્યુનું કારણ શુ છે. અત્યારે પોલીસે સ્થળ પર પહોંચી ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. સ્થાનિક પશુપ્રેમીઓ અને ટ્રસ્ટના સભ્યોની માંગ છે કે પાંજરાપોળના સંચાલકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે અને આવા પ્રાણદયાળુ કાર્યમાં બેદરકારી દાખવનાર તત્વોને જવાબદાર ઠેરવવામાં આવે. આ ઘટનાએ પાંજરાપોળની કામગીરી ઉપર અનેક પ્રશ્નચિહ્નો ઊભા કર્યા છે. આગામી સમયમાં મહેસાણા



મહાનગરપાલિકા અને સ્થાનિક તંત્ર દ્વારા તપાસ બાદ કઈ કાર્યવાહી કરવામાં આવે છે એ જોવું રહ્યું.મહેસાણા જિલ્લાના થોળ ગામે આવેલી રાધાકૃષ્ણ પાંજરાપોળમાં આશરે ૨૦ ગાયોના મોત થયાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી છે. મૃત ગાયાઓને ટ્રેક્ટરમાં ભરીને લઈ જવાઈ રહી હતી ત્યારે ખાનગી ટ્રસ્ટના સભ્યો ત્યાં પહોંચી ગયા અને તરત જ પોલીસને બોલાવી. આ પાંજરાપોળમાં મહેસાણા પાલિકા દ્વારા પકડાયેલી ગાયોને લાવવામાં આવે છે અને પાંજરાપોળને તેમના નિભાવ માટે નાણાં પણ આપવામાં આવે છે. તદ્દન નિસસંદેશ રીતે ઘાસચારાની અછત અને યોગ્ય સંભાળ ન મળતા મોત નિપજ્યાં હોવાનો આરોપ છે. હાલ મૃત ગાયાઓને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે. મહેસાણાના થોળ ગામે આવેલી રાધાકૃષ્ણ પાંજરાપોળમાંથી એક દુખદ ઘટના સામે આવી છે. આ પાંજરાપોળમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પકડવામાં આવેલી ગાયોને લાવવામાં આવે છે.

## ભરૂચ: અંકલેશ્વરમાં 3 યુવાનો પર વીજળી પડી, એકનું મોત નિપજ્યું

| પ્રતિનિધિ, ભરૂચ, તા.૩૧ |

અંકલેશ્વરમાં ત્રણ યુવાનો પર વીજળી પડતા ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં નર્મદા નદી કિનારે માછીમારી કરતા યુવાનો પર વીજળી પડી હતી. આ ઘટનામાં પટેલ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય યુવકનું મોત નિપજ્યું હતું.જ્યારે અન્ય ૨ યુવાનોને વીજળી પડવાની ઘટનામાં ઈજા પહોંચી હતી. બાદમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મામલતદારે આ યુવાનો દુર્ઘટનાનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું હતું. આ બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાદમાં મૃતદેહને પીએમ અર્થે સી એચ સી સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

## કારખાનામાં રમાતું હાઇપ્રોફાઇલ જુગારધામ પકડાયું, પાલિકાના પૂર્વ પ્રમુખ સહિત ૭ શખ્સો જબ્બે

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૧ |

ગોંડલ શહેરમાં પોલીસ દ્વારા મોટું જુગારધામ પર્દાફાશ કરવામાં આવ્યું છે. રીબડા-ગુંદાસરા રોડ પર આવેલ "પ્રિમિયર એન્ટરપ્રાઈઝ" નામના કારખાનામાં પોલીસે દરોડા પાડતાં જુગાર રમતા ૭ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે ઝડપાયેલાઓમાં ગોંડલ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ મનીષ ચનીયારાનું નામ પણ સામેલ છે.પોલીસ તપાસમાં ખુલ્યું છે કે જુગાર રમનારા પૈકી ઘણા વ્યક્તિઓ રાજકોટના વેપારી છે. ઝડપાયેલા અન્ય આરોપીઓમાં લલીત કનેરિયા, હિતેશ મણવર, રમેશ મારડિયા, પ્રતિક ભૂત, જેમીન ઘેટીયા અને દિલીપ અસોદરીયાનું નામ ખુલ્યું છે પોલીસે સ્થળ પરથી રૂ. ૨૦.૨૧ લાખની રોકડ સાથે કુલ રૂ. ૮૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં મોબાઈલ ફોન, કારો અને જુગારના સાધનોનો સમાવેશ થાય છે.પોલીસે ગુપ્ત જાણકારીના આધારે આ દરોડાની યોજના ઘડી હતી.

## તરણેતરના મેળામાં બે જૂથો વચ્ચે ભીષણ અથડામણ અને મારામારીનો વીડિયો વાયરલ

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩૧ |

આ વખતે ઉત્સાહ અને ઉત્તેજના સાથે, ગુજરાતના પ્રખ્યાત લોકમેળાઓમાંના એક તરણેતરના મેળામાં પણ હિંસાના દ્રશ્યો જોવા મળ્યા. મેળામાં બે જૂથો વચ્ચે ભીષણ અથડામણ અને મારામારીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે,જે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, તરણેતરના મેળામાં હજારોની ભીડ વચ્ચે, પહેલા કોઈ સામાન્ય બાબતને લઈને બે જૂથો વચ્ચે ઝઘડો થયો. આ ઝઘડો ટૂંક સમયમાં જ ઉગ્ર લડાઈમાં ફેરવાઈ ગયો અને બંને જૂથો વચ્ચે ઝઘડો થયો. વીડિયોમાં, ૮ થી ૧૦ યુવાનો ખુલ્લા હાથે એકબીજા પર હુમલો કરતા જોવા મળે છે.

આ ઘટનાથી ગીચ મેળામાં હાજર લોકોમાં ગભરાટ ફેલાયો. જોકે, આ ઘટના લાંબો સમય ટકી ન હતી. મેળામાં હાજર અન્ય લોકોએ તાત્કાલિક દરમિયાનગીરી કરી અને બંને જૂથોને અલગ કર્યા અને સમાધાન કરાવ્યું. સ્થાનિક લોકોની સમજદારી અને સમયસર કાર્યવાહીને કારણે, ઘટના વધુ ગંભીર બનતી બચી ગઈ. જોકે, આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના કારણે તરણેતરનો મેળો ફરી ચર્ચામાં આવ્યો છે. તરણેતરના મેળામાં હજારોની ભીડ વચ્ચે, પહેલા કોઈ સામાન્ય બાબતને લઈને બે જૂથો વચ્ચે ઝઘડો થયો.

## અમદાવાદ શહેરમાં વધુ એક વખત બિલ્ડરના કૌભાંડનો ભોગ સામાન્ય રહીશો બન્યા

# બિલ્ડરે ફ્લેટ ધારકો પાસેથી પૈસા ઉઘરાવી અંદાજે ૨ કરોડનું ફુલેકું ફેરવ્યું | ૧૫૮ સભ્યોને ચૂનો લગાવ્યો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૧ |

અમદાવાદ શહેરમાં વધુ એક વખત બિલ્ડરના કૌભાંડનો ભોગ સામાન્ય રહીશો બન્યા છે. હાથીજણ વિસ્તારમાં આવેલી શાલીન હાઈટ્સ સોસાયટીમાં બિલ્ડરે લગભગ ૨ કરોડ રૂપિયાનું ફુલેકું ફેરવી ફરાર થયો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ ઘટનાએ સોસાયટીના ૧૫૮ સભ્યોને ભારે આર્થિક નુકસાન સાથે માનસિક પરેશાનીનો સામનો કરાવ્યો છે.




માહિતી મુજબ, બિલ્ડર યતિન મહેતા અને ગૌરેશ મહેતાએ સોસાયટીના સભ્યો પાસેથી મેન્ટેનન્સના નામે ૧ લાખથી ૧.૨૫ લાખ રૂપિયા સુધીની વસૂલી કરી હતી. પરંતુ આટલા મોટા પાયે રકમ વસૂલવા છતાં સોસાયટીના નામે બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યું જ નહોતું. આશ્ચર્યજનક વાત એ છે કે બિલ્ડરે છેલ્લા ૮ વર્ષ સુધી સોસાયટીનું આખું કામકાજ સંભાળ્યું, પરંતુ ક્યારેય સભ્યોને હિસાબ આપ્યો નહોતો. રહીશોના જણાવ્યા પ્રમાણે, સોસાયટીનું વીજબિલ વર્ષોથી ચૂકવવામાં આવ્યું ન હતું. ધીમે ધીમે વીજબિલ બાકી રકમ ૧૦ લાખ સુધી પહોંચી ગઈ. અંતે ટોરેન્ટ કંપનીએ સોસાયટીનું વીજ કનેક્શન જ કાપી નાખ્યું, ત્યારબાદ બિલ્ડરની પોલ ખુલ્લી પડી ગઈ. આ બનાવ બાદ બિલ્ડર સોસાયટી છોડી ને ફરાર થઈ ગયો.માત્ર એટલું જ નહીં, બિલ્ડર પર અનેક ગંભીર આરોપો છે. એક જ મકાન અનેક લોકોને વેચી નાખવાના તથા સોસાયટીમાં ગાર્ડન માટેની જગ્યાએ વધુ એક બ્લોક ઉભું કરીને પોતાના ખિસ્સા ભર્યાના આક્ષેપો પણ સામે આવ્યા છે. આ તમામ ગેરરીતિઓના કારણે રહીશો આર્થિક રીતે તેમજ સુવિધાઓના અભાવે કંટાળ્યા છે. રહીશોએ બિલ્ડર વિરુદ્ધ પોલીસ મથકમાં ૮ મહિના પહેલા જ ફરિયાદ નોંધાવી દીધી હતી. છતાં ફરિયાદને લાંબો સમય વીતી જવા છતાં કોઈ સખત કાર્યવાહી થઈ નથી. જેના કારણે સોસાયટીના ફ્લેટધારકોમાં ભારે રોષ છે. સ્થાનિકોએ તંત્રની કાર્યપદ્ધતિ પર સવાલો ઉઠાવ્યા છે અને માંગણી કરી છે.

## જસદણના કનેસરા રોડ નજીક એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૧ |

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કનેસરા રોડ નજીક ડુગર વિસ્તારમાં એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતા સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળી આવતા આ ઘટના વધુ ગંભીર બની છે. પ્રારંભિક અંદાજ મુજબ, લાશ ત્રણ દિવસથી એક જ જગ્યાએ પડી હતી.સવારે જસદણના કનેસરા રોડ નજીક ડુગર વિસ્તારમાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા ઘટનાની માહિતી મળતાં, આટકોટ પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લાશની સ્થિતિ જોતાં એવું લાગે છે કે તે ઘણા સમય સુધી ત્યાં પડી રહી હતી, જેના કારણે તે કોહવાયેલી હાલતમાં મળી આવી હતી.આટકોટ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને લાશનો કબજો લીધો હતો અને પોસ્ટમોર્ટમ માટે જસદણ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસે ઘટનાને ગંભીરતાથી લીધી છે અને તપાસ કરી રહી છે. મૃતકની ઓળખ માટે પોલીસે આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે અને સ્થાનિક લોકોની પૂછપરછ કરી રહી છે. આ ઉપરાંત, શરીરની આસપાસના વિસ્તારમાંથી કોઈ પુરાવા કે સંકેતો મળે છે.

## ભરૂચના કદવાલી ગામના પુલ પાસેથી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે એક ઝડપાયો

| પ્રતિનિધિ, વાલીયા, તા.૩૧ |

વાલીયા પોલીસ ટીમે કદવાલી ગામના પુલ ઉપરથી કારમાં દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી રૂ. ૧૨.૫૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા. વાલીયા પોલીસ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, "એક સફેદ કલરની કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી વાડી ગામથી કદવાલી થઈને ડહેલી ગામ તરફ જનાર છે" જે આધારે પોલીસ સ્ટાફ કદવાલી ગામના બ્રીજ ઉપર વોચ ગોઠવી બાથમી મુજબની કારને ઝડપી પાડી હતી. કારમાંથી દારૂની નાની મોટી બોટલ તથા બીયર ટીન નંગ- ૧૮૦૦ કિ.રૂ.૫,૪૯,૬૦૦, કિયા કાર કિ.રૂ.૭,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન સહિત કુલ કિ.રૂ.૧૨,૫૪,૬૦૦ના મુદામાલ સાથે કિરીટભાઈ વસાવા (રહે.પથ્થરીયાગામ, સરપંચ ફળિયુ તા.વાલીયા)ની અટકાયત કરી રાહુલભાઈ ઓકારામ માલી (રહે-કંબોડીયા તા.નેત્રંગ જી.ભરૂચ) અને હરેશભાઈ ઉર્ફે હરીયો વસાવા (રહે-ડેહલી નગરશેઠ ફળિયુ તા.વાલીયા જી.ભરૂચ) ને વોન્ટેડ જાહેર કર્યા હતા. તમામ આરોપીઓ વિરુદ્ધ અગાઉ પ્રોહીબિશનના ગુના નોંધાઈ ચૂક્યા છે વાલીયા પોલીસ ટીમે કદવાલી ગામના પુલ ઉપરથી કારમાં દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી રૂ. ૧૨.૫૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.



જરોદ પોલીસ સ્ટેશનના કેટલાક અધિકારીઓ અને બુટલેગરો વચ્ચે સાઠગાંઠનો ગંભીર મામલો

# વડોદરામાં પોલીસે ટેક્કર ભરીને દારૂ પકડ્યો અને બારોબાર માનીતા બુટલેગરને પધરાવ્યો । પાંચ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

પીઆઇને લીવ પર તથા એક જીઆરડી જવાનનું નામ કમી કરાયું હોવાની ચર્ચા ચાલી રહી છે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૧ ।

જરોદ પોલીસ સ્ટેશનના કેટલાક અધિકારીઓ અને બુટલેગરો વચ્ચે સાઠગાંઠનો ગંભીર મામલો સામે આવ્યો છે. જે મામલે જરોદ પોલીસ સ્ટેશનના કેટલાક પોલીસ અધિકારીઓને હાલ સસ્પેન્ડ કરાયા છે, જ્યારે પીઆઈને લીવ પર તથા એક જીઆરડી જવાનનું નામ કમી કરાયું હોવાની ચર્ચા ચાલી રહી છે. સુત્રો મુજબ પોલીસ દ્વારા ટેક્કરમાંથી દારૂ કટીંગ કરી માનીતા બુટલેગરને પધરાવવાની આ ઘટના ગત ૪થી તારીખે હાલોલ એક્સપ્રેસ વે પરથી બની હતી, જ્યારે ૩૯.૬૫ લાખનો દારૂ પકડાયો હતો. જે મામલે એક વીડિયો વાયરલ થતા આ કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે સ્થાનિક રાજકારણ અને પોલીસ વિભાગમાં ખળભળાટ મચ્યો છે.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે, જરોદ પોલીસ એક ટેક્કરમાંથી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો, પરંતુ તેમાંથી કેટલોક ભાગ કથિત રીતે બુટલેગરને પરત કરવામાં આવી રહ્યો છે. આ વીડિયોમાં એવો આરોપ છે કે, પોલીસ અને બુટલેગર વચ્ચે પૂર્વ




નિર્ધારિત સાઠગાંઠ હતી, જેના ભાગરૂપે આ દારૂની કટીંગ કરવામાં આવ્યું હતું. જોકે આ વાયરલ વીડિયો અંગે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી પરંતુ, પોલીસ બુટલેગરના દારૂકાંડની જાણ થતા જ જિલ્લામાં તાજેતરમાં જ આવેલા નવા એસપીએ લાલઘૂમ થઈને કડક કાર્યવાહી કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર આ વાયરલ વીડિયો આજથી એકાદ મહિના પહેલાનો એટલે કે ગત ૪ ઓગસ્ટનો છે કે, જ્યારે જરોદ પોલીસે હાલોલ એક્સપ્રેસ વે પરથી એક ટેક્કરમાંથી મોટી માત્રામાં દારૂ જપ્ત કર્યો હતો, જેની કિંમત આશરે ૩૯.૬૫ લાખ રૂપિયા હોવાનું અંદાજવામાં આવે છે. પોલીસે આ દારૂ જપ્ત કર્યો હોવા છતાં, બુટલેગરોને ફાયદો પહોંચાડવા માટે દારૂનું કટીંગ કરવામાં આવ્યું હોવાનો આરોપ છે. જોકે વીડિયો વાયરલ થતા પોલીસ વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થતા નવા એસપીએ સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરી દીધી છે, પરંતુ વાયરલ વીડિયો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

સુત્રો મુજબ, આ વાયરલ વીડિયો બાદ નવા એસપીએ જરોદ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફના પાંચ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કર્યા છે, જ્યારે પોલીસ ઈન્સ્પેક્ટરને લીવ રિઝર્વમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગ્રામ રક્ષક દળના એક જવાનનું નામ પણ આ મામલે કમી કરવામાં આવ્યું છે. આ કાર્યવાહી દારૂની હેરાફેરીમાં પોલીસની સંડોવણીની શંકાને કારણે કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે ઘટનાનાં વાયરલ વીડિયો અંગે તથા તેમાં કયો બુટલેગર સામેલ છે તેનું નામ હજુ સુધી સામે આવ્યું નથી.ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડાડતી આ ઘટના હાલ રાજ્યભરમાં ચર્ચાનો વિષય બની છે, ત્યારે જાહેર જનતામાં પણ ભારે રોષ ફેલાવ્યો છે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૨ દિવસ ગુજરાતની મુલાકાતે

# અમિત શાહે વિવિધ વિકાસકાર્યોની આપી ભેટ । સરદાર બાગનું લોકાર્પણ કર્યું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૧ ।

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૨ દિવસ ગુજરાતની મુલાકાતે છે. ત્યારે અમિત શાહે આજે અમદાવાદીઓને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી છે. ગોતા અને ચાંદલોડિયામાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું છે. ૧૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરાયેલા સરદારબાગનું લોકાર્પણ કર્યું છે. આ ઉપરાંત રાણીપના અહવાડિયા તળાવ પાસે એક સાથે ૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે અમિત શાહે ગોતા વોર્ડમાં ઓગણજ ગામ પાસે અને ચાંદલોડિયા વોર્ડમાં ઓશિયા હાઈપરમાર્ટ પાસે નવા બનાવવામાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ રાણીપ વોર્ડમાં તળાવ પાસે આવેલા પ્લોટમાં વૃક્ષારોપણ કર્યું છે. જે બાદ નવા વાડજ વિસ્તારમાં સૌરભ સ્કૂલ પાસે નવા બની રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન ફોરેસ્ટમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં પણ હાજરી આપી.

મહત્વનું છે કે અમિત શાહે લાલ દરવાજા વિસ્તારમાં બનાવવામાં આવેલા સરદારબાગનું પણ લોકાર્પણ કર્યું છે. અંદાજે ૧૨ કરોડથી વધુના ખર્ચે સરદારબાગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ સરદારબાગને આજથી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ પ્રસંગે અમિત શાહે સરદાર બાગમાં આવેલી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી.

## સચિન જીઆઇડીસીમાં ૪ કરોડથી વધુ રકમની છેતરપિંડી,બે આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૩૧ ।

સુરતના સચીન જીઆઈડીસીમાં ચાર કરોડથી વધુ રકમની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં જીઆઈડીસી પોલીસે ૨ આરોપીઓને યુપીના મેરઠથી ઝડપી લીધા છે. તપાસમાં આરોપીઓ કાપડ વેપારીની કંપનીમાં નોકરી કરતા હોવાનું સામે આવ્યું છે. આ બંને આરોપીઓ સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા હતા.તેમણે યુપી અને રાજસ્થાનના વેપારીઓ સાથે વેપાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આરોપીઓએ અલગ-અલગ વેપારીઓ સાથે મળી ૪.૭૯ કરોડનો વેપાર કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. બાદમાં કાપડ મંગાવીને પૈસાની ચૂકવણી ન કરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે આરોપીઓ વિરુદ્ધ જીઆઈડીસી પો.સ્ટે.માં ગુનો નોંધાયો હતો. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરીને બન્ને આરોપીને ઝડપી લીધા હતા. સુરતના સચીન જીઆઈડીસીમાં ચાર કરોડથી વધુ રકમની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં જીઆઈડીસી પોલીસે ૨ આરોપીઓને યુપીના મેરઠથી ઝડપી લીધા છે.

## બાવળા ચીફ ઓફિસરને આરટીઆઇ હેઠળ માહિતી ન આપવી મોંઘી પડી, રૂ.૧૫,૦૦૦નો દંડ ફટકારાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૧ ।

રાજ્ય માહિતી કમિશનર દ્વારા બાવળા નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ પટેલને રૂ.૧૫,૦૦૦ નો દંડ ફટકાર્યો છે. જેમાં માહિતી આયોગના આદેશનું ઉલ્લંઘન તથા આરટીઆઈ હેઠળ સમયસર માહિતી ન આપવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત અરજદાર દ્વારા માગવામાં આવેલી માહિતી વિનામૂલ્યે ૧૦ દિવસમાં પૂરી પાડવાનો પણ આદેશ આપ્યો છે.૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બાવળાની વલ્લભનગર સોસાયટીમાં રહેતા વિશાલ મહેતાએ માહિતી અધિકાર કાયદા હેઠળ બાવળા નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર સિદ્ધાર્થ પટેલ પાસે કેટલીક માહિતી માંગી હતી. જેમાં ૩૦મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કલેક્ટર દ્વારા યોજાયેલી સંકલન મીટિંગમાં વરસાદી પાણીના નિકાલ અંગેની માહિતી અને વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪ સુધીના તમામ ઠરાવોની પ્રમાણિત નકલ ઉપરાંત આ વર્ષે વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા અને કોન્ટ્રાક્ટર દ્વારા થયેલા ખર્ચની વિગતોનો સમાવેશ થતો હતો.જો કે, ચીફ ઓફિસર દ્વારા નિયત સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં ન આવતા, વિશાલ મહેતાએ ૩૦મી ડિસેમ્બરે પહેલી અપીલ કરી હતી. પહેલી અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીને ૧૫ દિવસમાં વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાનો હુકમ કર્યો હતો, પરંતુ આ હુકમનું પણ પાલન થયું ન હતું. અંતે અરજદારે છઠ્ઠી ફેબ્રુઆરીએ ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર સમક્ષ બીજી અપીલ દાખલ કરી. ૩૧મી જુલાઈના રોજ યોજાયેલી સુનાવણીમાં અરજદાર વિશાલ મહેતા હાજર રહ્યા હતા, પરંતુ ચીફ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ગેરહાજર રહ્યા હતા. તે સિવાય આયોગ દ્વારા ખુલાસો પૂછવામાં આવ્યો હતો. પરંતુ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો.






## તંત્રી લેખ...

# બજારને ફટકો પડશે

કોરોના કાળ પહેલા રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપી દેવામાં આવી હતી જેના કારણે વર્તમાન સંજોગોમાં કેટલાક નવા પડકારો અને સમસ્યા સરકાર સામે ઉભી થઇ શકે છે. આના કારણે વેપારીઓને પણ સમસ્યા આવી શકે છે. સાથે સાથે સ્પર્ધા વધવાની સ્થિતીમાં પણ કેટલાક પડકારો આવી શકે છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપી છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીનૂ વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઇને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઇ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઇ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઇની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઇ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઇ ત્યારે તે પહેલા સ્વર્ગસ્થ અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઇ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઇ કેમ થઇ ગઇ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીથી માઠી અસરમાંથી લોકો બહાર આવી ચુક્યા છે પરંતુ કોરોનાની મહામારી બાદ રિક્વરી હજુ પણ થઇ શકી નથી. વિશ્વના દેશો આર્થિક રિક્વરીને લઇને ઝઝુમી રહ્યા છે. સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે. વિદેશી કારોબારીઓ છ સાત મહિના સુધી નુકસાન ઉઠાવીને પણ દેશમાં રહેલા નાના કારોબારીઓને ખતમ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આ બાબત ભાજપ અને કોંગ્રેસ બન્નેની બને છે કે નાના કારોબારીઓને બચાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવે. નાના કારોબારીઓને કોઇ નુકસાન કોઇ સંજોગોમાં ન થાય તેની ખાતરી કરવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશોમાં હાલ અરાજકતાની સ્થિતી રહેલી છે. આવી સ્થિતીમાં તમામ બાબતોને સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવે તે જરૂર છે. સ્થાનિક નાના વેપારીઓના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી આગળ વધવામાં આવે તે જરૂરી છે. મોદી સરકાર પહેલાથી જ પરેશાન રહેલા નાના કારોબારીઓની સમસ્યા વધારે ન વધે તે દિશામાં આગળ વધવાના પ્રયાસ કરે તે જરૂરી છે.

# સ્કીન ક્રીમથી કિડનીને નુકસાન

આપની સ્કીનને સોફ્ટ અને ગ્લોઇંગ તેમજ ખુબસુરત કરવાનો દાવો કરનાર ક્રીમમાં કેટલાક પ્રકારના નુકસાન કરતા તત્વો રહેલા હોય છે. જેના કારણે આપને સ્કીનની તકલીફ ઉભી કરી શકે છે. સાથે સાથે ગંભીર પ્રકારની બિમારી આપી શકે છે. સ્કીન સાથે સંબંધિત ક્રિમ કિડનીને ડેમેજ કરી શકે છે. ક્રિમ જુદા જુદા પ્રકારની બિમારી આપી રહી હોવા છતાં આની તરફ લોકોનુ ધ્યાન જઇ રહ્યુ નથી. આવુ અમે એટલા માટે કહી રહ્યા છીએ કે સ્કીન પર ઉપયોગ કરવામાં આવતી ક્રિમમાં ખતરનાક મેટલ મર્ક્યુરી એટલે કે પારાનો ઉપયોગ નિધારિતિ માપદંડ કરતા વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. આ પ્રકારની ક્રિમ ઈ-કોમર્સ પોર્ટલ ઉપરાંત બજારોમાં જોરદાર રીતે વેચાઇ રહી છે. દિલ્હીના ગફ્ફાર માર્કેટમાંથી લેવામાં આવેલા સ્કિન ક્રિમના ચાર સેમ્પલોમાં પારાનુ પ્રમાણ ૪૮.૧૭થી એક લાખ ૧૦ હજાર પીપીએમ સુધી રહ્યુ છે. માત્ર ભારત જ નહીં બલ્કે આ ક્રીમનો ઉપયોગ દુનિયાભરમાં કરવામાં આવે છે. આ દાવો જીરો પારા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો છે. આ ગ્રુપ દ્વારા પારાથી થનાર પ્રદુષણ પર કામ કરે છે. આ ગ્લોબલ સ્ટડીમાં ભારત માટે ટોક્સિક લિન્ક દ્વારા અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. જીરો મર્ક્યુરી વર્કિંગ ગ્રુપના આ અભ્યાસના તારણ ૧૨ દેશોમાં જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના તારણમાં કહેવામા આવ્યુ છે કે ૧૫૮ સ્કીન ક્રિમ સેમ્પલોમાંથી ૯૬ સ્કીન ક્રીમ સેમ્પલમાંથી ૯૬ મર્ક્યુરીનુ સ્તર ૪૦ પીપીએમથી એક લાખ ૩૦ હજાર પીપીએમ સુધી છે. ભારત માટે લેવામાં આવેલા સેમ્પલોમાં મર્ક્યુરીનુ પ્રમાણ ૪૮થી એક લાખ ૧૩ હજાર પીપીએમ સુધી છે. આ નક્કી કરવામાં આવતા માપદંડ એક પીપીએમથી ખુબ વધારે છે. ભારત માટે લેવામાં આવેલા સેમ્પલો ઓનલાઇન અને ઓફલાઇન કલેક્ટ કરવામાં આવ્યા છે. .આ તમામ ક્રિમના સેમ્પલોને માન્યતા પ્રાપ્ત લેબમાં મોકલી દેવામાં આવ્યા બાદ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. અભ્યાસ બાદ એવી બાબત સપાટી પર આવી હતી કે જેટલા પણ સેમ્પલો લેવામાં આવ્યા હતા તે તમામ સેમ્પલોમાં પારાનુ પ્રમાણ નક્કી કરવામાં આવેલા પ્રમાણ કરતા ખુબ વધારે રહ્યુ હતુ. જે ક્રીમના સેમ્પલો લેવામાં આવ્યા હતા તે પૈકી મોટા ભાગની ક્રિમ એશિયામાં જ બનાવવામાં આવી રહી હતી. પાકિસ્તાનમાં ૬૨ ટકા, થાઇલેન્ડમાં ૧૯ ટકા અને ચીનમાં ૧૩ ટકા ક્રિમનુ ઉત્પાદન કરવામાં આવી રહ્યુ છે. ૧૨ દેશોમાંથી સેમ્પલો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમાંથી ૬૦ ટકા પ્રોડક્ટસમાં મર્ક્યુરીનુ પ્રમાણ એક પીપીએમથી વધારે રહેતા તેની ચર્ચા નિષ્ણાંતોમાં જોવા મળી રહી છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે કિડની અને શરીરના અન્ય ભાગોને તે ભારે નુકસાન કરે છે. સ્કીન લાઇટિંગ અથવા તો સ્કીનની ખુબસુરતીને નિખારીને વાઇટ કરવાનો દાવો કરતી કંપનીઓની સ્કીન ક્રીમ ખુબ નુકસાન કરે છે. સાબુ અને અન્ય ચીજ વસ્તુઓમાં આનુ પ્રમાણ ખુબ વધારે રહે છે. ભારતીય બજારાં હાલમાં બોડીલોશનનો ભરાવો જોવા મળી રહ્યો છે. ટોચની કંપનીઓ લોકોને આકર્ષિત કરવા માટે જુદા જુદા પ્રકારના બોડી લોશન રજૂ કરીને જંગી નાણાં એકત્રિત કરવામાં વ્યસ્ત છે. આવા સમયમાં બોડી લોશન અને ફેરનેશ ક્રીમના કારણે થઇ રહેલા નુકસાન તરફ કોઇનું ધ્યાન ખેચાઇ રહ્યું નથી. સ્કીનને બોડીલોશનના કારણે ભારે નુકસાન થઇ રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) દ્વારા હાલમાં જ નવી ચેતવણી જારી કરીને ભારતીય લોકોને સાવધાન રહેવા કહ્યું છે. ડબલ્યુએચઓની ચેતવણીને ગંભીરતાપૂર્વક લેવામાં આવે છે. તેનું કહેવું છે કે આશરે ૬૧ ટકા ડરમાટોલોજીકલ માર્કેટમાં ચીજો સ્કીનને વધુ ચમકદાર રાખે તેવી પ્રોડક્ટની સાબુ, સ્કીમ અને કોસમેટીક ચીજવસ્તુઓ સામે ડબલ્યુએચઓ દ્વારા ચેતવણી અપાઇ છે. ખાસ કરીને આઇમેકપ, ક્લીનઝીંગ પ્રોડક્ટ અને મસ્કારા જેવી કોસમેટીક ચીજવસ્તુઓના સંબંધમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોડક્ટમાં પારાનું પ્રમાણ રહેલું છે. ખાસ કરીને ભારતીયોને વધુ સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે. ડબલ્યુએચઓએ કહ્યું છે કે ક્રીમ અને સ્કીનને વધુ ચમકદાર બનાવનાર સાબુમાં પારાના તત્વો રહેલા છે જેનાથી સ્કીનની સાથે સાથે શરીરના અન્ય ભાગને નુકસાન થઇ રહ્યું છે. વૈશ્વિક આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે સાબુ અને ક્રીમમાં ઉપલબ્ધ પારાનું પ્રમાણ પાણીમાં ડિસ્ચાર્જ થયા બાદ પર્યાવરણમાં પ્રવેશ કરે છે. જ્યાંથી તે મેથીલેટેડ બનીને ફુડ ચેનમાં પ્રવેશ કરે છે.



**ચિંતાની બાબત : બંગાળમાં તો સ્થિતી ખુબ દયનીય બની ચુકી છે...**

**બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે નેશનલ ક્રાઇમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે**

# માનવ તસ્કરી : એક મોટી સમસ્યા છે

**માનવ તસ્કરીનો શિકાર થયેલી ૨૬ ટકા મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં જ ધકેલી દેવાય છે : મહિલાઓ જાતિય શોષણનો શિકાર**

માનવ તસ્કરીના મામલા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. દેશના અનેક રાજ્યોમાં તો આ સમસ્યા ખુબ ગંભીર બની ચુકી છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં માનવ તસ્કરીની સ્થિતી સૌથી દેયનીય બનેલી છે. ભારતમાં તસ્કરી કરવામાં આવેલા દરેક પાંચ મામલામાં ત્રણ મામલા બાળકોના રહેલા છે. જે વધારે ચિંતા ઉપજાવે છે. ઇન્ડિયા સ્પેન્ડના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૦ના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે સંખ્યામાં બાળકોના તસ્કરીના કેસ સપાટી પર આવ્યા છે. બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે. એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે. નેશનલ ક્રાઇમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે. વર્લ્ડ વિજન ઇન્ડિયાના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૯ ટકા કિશોરીઓને તસ્કરીથી બચાવી લેવાને લઇને કોઇ માહિતી નથી. ૭૨ ટકા લોકોને તો એ અંગે પણ માહિતી નથી જે તેમની મદદ કરી શકે છે. તસ્કરીનો શિકાર થયેલી ૫૦ ટકા મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ રહી છે. ૨૬ ટકા જેટલી મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં ધકેલી દેવામાં



આવે છે. બંગાળમાં એક મોટો હિસ્સો બાંગ્લાદેશ, નેપાળ, ભુટાણ,બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને સિક્કિમ તેમજ આસામની સરહદ સાથે જોડાયેલ છે. આના કારણે તસ્કરી વધારે સરળ બની જાય છે. રાજસ્થાનમાં પણ હાલત સારી નથી. બંગાળની વાત કરવામાં આવે તો અહીં વર્ષ ૨૦૨૦માં ૩૧૧૩ બનાવો બન્યા હતા. રાજસ્થાનમાં પણ ઓછા તસ્કરીના બનાવો રહ્યા ન હતા. રાજસ્થાનમાં ૨૫૧૯ જેટલા તસ્કરીના બનાવો બન્યા હતા. ગરીબી અને હતાશાના કારણે કોઇ પણ વ્યક્તિ બિનસુરક્ષિત અનુભવ કરે છે. ગરીબી અને હતાશા લોકોને બિનસુરિક્ષત પ્રવાસ તરફ ખેંચી જાય છે. જ્યાં આ હતાશ અને દુખી લોકો વધારે મુશ્કેલીમાં મુકાઇ જાય છે અને માનવ તસ્કરીનો શિકાર થઇ જાય છે. યુવતિઓ અને મહિલાઓ તો દેહ વેપારનો શિકાર થઇ જાય છે. આ આંકડો ૨૬ ટકાની આસપાસ રહે છે. ૫૦ ટકા કરતા વધારે મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ જાય છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૦માં ભારતમાં ૧૫૩૭૯ લોકોની તસ્કરી ભારતમાં થઇ હતી. જે પૈકી ૫૪ ટકા તો મહિલાઓ હતી. મહિલાઓની સંખ્યા આમાંથી ૪૯૧૧ જેટલી નોંધાઇ છે. આવી જ રીતે ૪૬ ટકા યુવકોની તસ્કરી કરવામાં આવી છે. આ સંખ્યા ૪૧૨૩ જેટલી છે. રિપોર્ટ તસ્કરી માટે જુદા જુદા કારણ દર્શાવે છે. જે પૈકી એક કારણ લગ્નની લાલચ પણ છે. વર્લ્ડ વિજન ઇન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેહ વેપાર માટે થતી તસ્કરીમાં મોટા ભાગે પહેલા લગ્ન કરવાની લાલચ આપવામાં આવે છે. આ મામલા બોયફ્રેન્ડની સાથે ભગાડી દેવાના મામલા સામેલ છે. યુવતિઓને લગ્ન કરવાની અને નોકરી આપવાની લાલચ આપીને ફસાવી દેવામાં આવે છે. આ દિશામાં વધારે સક્રિયતા સાથે આગળ વધવાની જરૂર છે. કાયદાઓને વધારે કઠોર રીતે લાગુ કરવા અને પોલીસ વધારે ગંભીરતા સાથે આગળ વધે તે જરૂરી છે. શકમંદો પર નજર રાખવાની પણ જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરી આજની સમસ્યા નથી. વર્ષોથી આ સમસ્યા રહેલી છે. પરંતુ આને રોકી પણ શકાય છે. આના માટે મજબુત ઇચ્છાશક્તિ અને યોગ્ય કાયદાને અમલી કરવાની જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરીના કેસો કઇ રીતે રોકી શકાય તેને લઇને સંબંધિત વિભાગોમાં ચર્ચા થઇ રહી છે. સાથે સાથે જુદા જુદા રાજ્યો દ્વારા પગલા પણ લેવામા આવી ચુક્યા છે. પરંતુ આની અસર દેખાઇ રહી નથી. માનવ તસ્કરીનો શિકાર મોટા ભાગે ગરીબ બાળકો અને ગરીબ પરિવાર વધારે બને છે. કારણ કે આવા પરિવારના લોકો તેમના બાળકોને નોકરી અને અન્ય લાલચમાં અન્યત્ર મોકલી દે છે. માનવ તસ્કરીમાં સામેલ લોકોના સકંજામાં આ પરિવારના લોકો સરળતાથી આવી જાય છે. જ્યારે વાસ્તવિકતા ખુલે છે ત્યાર સુધી તો ખુબ મોડુ થઇ જાય છે. દેશમાં માનવ તસ્કરીના ૧૫ હજારથી વધારે મામલા બની ચુક્યા છે.



**યુવા પેઢી ઉત્સાહ સાથે આ બિઝનેસમાં કેરિયર બનાવવા ઉત્સુક...**

**સેલુનના પરંપરાગત બિઝનેસને ખતમ કરીને તેમાં હાઇ ફાઇ લુક આપવાના પ્રયાસમાં છે સેલુનને ગ્લેમરસ ઓપ આપીને યુવાનો જંગી કમાણી પણ હવે કરી રહ્યા છે સેલુન બિઝનેસને નવી ઉંચાઇ પર લઇ જવા માટે યુવા ઉદ્યોગ સાહસિકોને કેટલીક નવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે**

# સેલુન બિઝનેસનો ક્રેઝ વધી રહ્યો છે

**ફેશનની દુનિયામાં કેરિયર બનાવવા માટે ઇચ્છુક યુવાનો હાઇફાઇ લુક આપી રહ્યા છે : અનેક નવા નવા ટ્રેન્ડના કારણે બોલબાલા વધી**

હાલના દિવસોમાં બિઝનેસ કરવા માટે યુવાનો ઇચ્છુક બન્યા છે. નોકરીને લઇને ઉદાસીનતા દેખાય છે. યુવાનો નવા નવા કોર્સ કરીને બિઝનેસ શરૂ કરવા માટે ઇચ્છુક છે. સેલુન બિઝનેસ પણ હવે જોરદાર માંગ ધરાવે છે. આ બિઝનેસ ગ્લેમરસ થતા આ ક્ષેત્રમાં યુવાનો ઝડપથી આગળ આવી રહ્યા છે અને આમાં પસંદગી ઉતારી રહ્યા છે.


હાલના દિવસોમાં યુવાનોમાં જે બિઝનેસને લઇને ક્રેઝ છે તેમાં સેલુન બિઝનેસ ટોપ પર છે. ફેશનની દુનિયામાં કેરિયર શોધી રહેલા યુવાનો આ બિઝનેસના પરંપરાગત માધ્યમને બદલી નાંખવા માટેના પ્રયાસમાં છે. સેલુનના પરંપરાગત બિઝનેસને ખતમ કરીને તેમાં હાઇ ફાઇ લુક આપવાના પ્રયાસમાં છે. સેલુનને ગ્લેમરસ ઓપ આપીને યુવાનો જંગી કમાણી પણ હવે કરી રહ્યા છે. સેલુન બિઝનેસને નવી ઉંચાઇ પર લઇ જવા માટે યુવા ઉદ્યોગ સાહસિકોને કેટલીક નવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. સેલુન અને સ્પામાં કસ્ટમર જેના માટે સૌથી વધારે આકર્ષિત થાય છે તે આપના ઇનોવેશન હોય છે. ટ્રેન્ડી લુકને શિખવાની બાબત ઉપયોગી સાબિત થાય છે.ટ્રેન્ડી લુકને શિખવા અને તેને ઉપયોગમાં લાવવાથી વધુને વધુ કસ્ટમરો



આકર્ષિત થાય છે. નવા નવા સાધનો જે બજારમાં આવી રહ્યા છે તે પણ કસ્મટરોને ખેંચે છે. આના કારણે આપના બિઝનેસમાં વધારો થઇ શકે છે.

ફેશન ટ્રેન્ડને ફોલો કરવાની સાથે સાથે ફેમસ સ્ટાઇલિસ્ટ પણ પણ ધ્યાન આપવાની જરૂર હોય છે. હાલમાં કેવી ફેશન ચાલી રહી છે તેના પર પણ ધ્યાન આપી શકાય છે. સેલુન અને સ્પાના કામોને શિખવા માટે શોર્ટ ટર્મ કોર્સ પણ કરી શકાય છે. કેટલીક ખાનગી અને સરકારી સંસ્થાઓ આ પ્રકારના કામ શિખવાડે ચે. જો તમે સ્ટાર્ટ અપને એક બ્રાન્ડ તરીકે વિકસિત કરવાની ઇચ્છા ધરાવો છો તો આપને નિષ્ણાંતની મદદની પણ જરૂર ચોક્કસપણે થશે. કોઇ પણ વ્યક્તિની લાઇફમાં તેના લુકની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. જેથી એક્સપર્ટની ભૂમિકા નિર્ણાયક રહે છે. આપની ઇચ્છા મુજબ ટ્રેની એક્સપર્ટ પણ રાખી શકાય છે. આ એવા લોકો હોય છે કે કેટલીક મોટી સંસ્થાઓ સાથે કામ કરવાનો અનુભવ ધરાવે છે. સેલુન બ્રાન્ડ સાથે કામ કરવાના તેમના અનુભવનો લાભ લઇ શકાય છે. સેલુન સ્ટાર્ટ અપ એવા ગણતરીના બિઝનેસમાં સામેલ છે જેના માટે લોકેશન પણ સૌથી મહત્વપૂર્ણ બાબત હોય છે. જો તમે સેલુનને સ્ટાર્ટ અપ તરીકે જોઇ રહ્યા છો તો પોતાના શહેરમાં પ્રાઇપ લોકેશનની પસંદગી કરવાની રહેશે.

ભલે સેલુન કદમાં નાનુ હોય પરંતુ તેની જગ્યા ખબ મહત્વપૂર્ણ રહે છે. ટાર્ગેટ કસ્ટમરના હેતુથી જગ્યા છે કે કેમ તે બાબત ઉપયોગી રહે છે. સેલુન માટે જગ્યાની પસંદગી કરવી વેળા પણ કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવાની જરૂર હોય છે. જે જગ્યા પસંદ કરવામાં આવી છે તે જગ્યાનુ ભાડુ પણ તમારા બજેટમાં આવે તે બાબત ઉપયોગી હોય છે. ક્રિએટિવિટીની સાથે સાથછે અપગ્રેડ થવા માટેની તૈયારી પણ રાખવી જોઇએ. આકારોબારમાં જોડાવવા માટે ઇચ્છુક યુવક યુવતિઓનો દાવો છે કે દરેક ક્ષેત્રમાં મંદી કોઇને કોઇ કારણસર આવી શકે છે પરંતુ આ ક્ષેત્રમાં ક્યારેય મંદી આવશે નહીં. લોકો પોતાની ઇચ્છાને હવે બદલી રહ્યા છે. ફેશનના નવા નવા ટ્રેડ આવી રહ્યા છે. આવી સ્થિતીમાં સેલુન બિઝનેસમાં જોરદાર કારોબાર છે. સાથે સાથે આ બિઝનેસમાં પુષ્કળ નાંણા પણ રહેલા છે. આવી સ્થિતીમાં કારોબારને વધુને વધુ યુવાનો પસંદ કરી રહ્યા છે. આ કારોબારમાં સ્થાનનુ ખાસ મહત્વ રહેલુ છે. આધુનિક સમયમાં સેલુન કારોબારમાં નવા નવા લોકો પણ આવી રહ્યા છે. હવે કોઇ પણ સામાન્ય સેલુન ધરાવનાર વ્યક્તિ પણ ઉલ્લેખનીય કમાણી દરરોજની કરે છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો દાવો કરે છે કે સારી નોકરીમાં મહિનામાં જેટલી આવક છે તેટલી આવક આ રોજગાર અને કારોબારમાં થઇ રહી છે. સાથે સાથો પોતાના કારોબાર હોવાની ગર્વની લાગણી પણ થાય છે.



**સક્સેસ ટિપ્સ : સ્પર્ધાના યુગમાં નોકરીમાં ફિટનેસને મહત્વ મળ્યુ...**

**અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે**

# સફળતા માટે શારરિક ફિટનેસ જરૂરી

**ફિટનેસ મામલે દાખલા રૂપ બનેલા મિલિન્દ સોમનના કહેવા મુજબ ફિટનેસ લાઇફમાં સૌથી ઉપયોગી પાસા તરીકે છે**

પોતાની વ્યસ્ત લાઇફ અને જીવનશેલીને દોષ આપીને કેટલાક લોકો કહે છે કે જીવનમાં ભાગદોડ ખુબ છે જેથી ફિટનેસને લઇને સમય નથી. હકીકતમાં આ પ્રકારની દલીલ બિલકુલ યોગ્ય નથી. વિતેલા વર્ષોના મોડલ અને ખુબસુરત અભિનેતા મિલિન્દ સોમને કહ્યુ છે કે આ પ્રકારના લોકો અંગે તે માને છે કે તેઓ હકીકતમાં કોઇ દોડભાગ કરતા નથી. જો દોડભાગ કરતા હોય તો આટલી બૈચેની જોવા ન મળે. સોમને કહ્યુ છે કે તેઓ ફિજિકલ રીતે દોડવાની વાત કરી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે લોકો એક જગ્યાએ બેઠા બેઠા દિમાગી ઘોડા દોડાવતા રહ્યા છે અને આજે ભાગદોડની લાઇફમાં પણ આવા જ દિમાગી ઘોડા દોડાવતા રહે છે. આ પ્રકારના લોકો જુદી જુદી પ્રકારની બિમારીઓને લઇને ફરિયાદ કરતા રહે છે. તેમનુ માનવુ છે કે આવુ કરનાર લોકો વાસ્તવમાં મોટા ભ્રમમાં રહે છે. તેમનુ માનવુ છે કે ફિટનેસ લાઇફમાં સૌથી ઉપયોગી બાબત છે. આ પ્રકારના લોકોને લાગે છે કે તેઓ દોડી રહ્યા છે પરંતુ હકીકતમાં આપ્રકારના લોકો એક જગ્યાએ બેઠેલા હોય છે. ફિટનેસની



પરિભાષા શુ છે શુ તમે મેરાથોન દોડવા અને જુમ્બા ડાન્સ કરવા માટે ફિટ રહેવા માંગો છો. અથવા તો દરરોજની પ્રવૃતિ સરળતાથી થઇ શકે તે માટે ફિટ રહેવા માંગો છો. તમામ લોકો માટે ટ્રેનિંગ અલગ પ્રકારની છે. સોમને કહ્યુ છે કે તેમના માટે સ્વસ્થ અને પિટ રહેવાની બાબત અલગ છે. ફિટ રહેવાની બાબતમાં એક ફિટ બાબત રહે છે. તેમનુ કહેવુ છે કે ફિટ રહેવાની સ્થિતીમાં જ તમામ બાજી લાઇફની જીતી શકાય છે. મિલિન્દ સોમન મોડલ અને અભિનેતા તરીકે લોકપ્રિય છે. છેલ્લા એક દશકમાં સોમને મેરાથોન રનર, ટ્રાયથલિટ અને ઓલરાઉન્ડ ફિટનેસ એમ્બેસેડર તરીકે પોતાની છાપ ઉભી કરી છે. તેમનુ કહેવુ છે કે તે ૧૯૯૮ બાદથી જીમમાં ગયા હતા. તેઓ માત્ર પુશ અપ અને પુલ અપ કરે છે. સાથે સાથે થોડાક સમય માટે દોડ લગાવે છે. તેમનુ કહેવુ છે કે તેઓ અંતિમ શ્વાસ સુધી દોડતા રહેવાની ઇચ્છા રાખે છે. કારણ કે તેમને લાગે છે કે ફિટનેસ માટે તે સૌથી સરળ અને સુલભ માધ્યમ તરીકે છે. જેના પર કોઇ પણ વિશ્વાસ કરી શકે છે. સ્વસ્થ અને ફિટ રહેવાની બાબત એટલા માટે જરૂરી છે કે તેના વિના તમામ લક્ષ્યને હાંસલ કરી શકાય નહી. દિમાગ જો યોગ્ય રીતે કામ કરશે નહીં તો પણ લક્ષ્ય પુર્ણ થશે નહીં. સાથે સાથે શરીર સાથ આપશે નહીં તો પણ લક્ષ્ય પૂર્ણ થશે નહી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઇફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઇવાનનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઇવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઇવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઇન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઇ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઇને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત સામાન્ય રીતે પીઠમાં દુ:ખાવાનો પણ મદદરૂપ થાય છે.ફિટનેસ સૌથી પહેલી પ્રાથમિકતા રહે તે જરૂરી છે.




Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ગર્ભાવસ્થા દરમિયાન મહિલાએ આ ફૂડનું સેવન કરવું ફાયદાકારક



માતા બનવું એ દરેક સ્ત્રી માટે સૌથી સુખદ લાગણીઓમાંથી એક છે. આ તે સમય છે જ્યારે માતા પોતાનું જીવન પોતાના માટે નહીં પરંતુ બાળક માટે જીવે છે. વાસ્તવમાં ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને ઘણા ફેરફારોનો સામનો કરવો પડે છે. આ સમય દરમિયાન તે પોતાની તેમજ ગર્ભમાં રહેલા તેના બાળકના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે છે. આવી સ્થિતિમાં નિષ્ણાતો પૌષ્ટિક અને સંતુલિત ખોરાક ખાવાની સલાહ આપે છે. પરંતુ શું તમે જાણો છો કે બાળકના મગજનો વિકાસ ગર્ભાવસ્થા દરમિયાન જ શરૂ થઈ જાય છે. તેથી તમારે એવા ખોરાકની પસંદગી કરવી જોઈએ જે તમારા સ્વાસ્થ્ય તેમજ તમારા બાળકના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય. ચાલો જાણીએ ગાયનેકોલોજિસ્ટ પાસેથી કેટલાક એવા સુપરફૂડ વિશે, જે ગર્ભાવસ્થા દરમિયાન ખાવાથી ગર્ભમાં રહેલા બાળકના માનસિક વિકાસમાં સુધારો થાય છે.

## અખરોટ

ગર્ભાવસ્થા દરમિયાન અખરોટ ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. અખરોટ પ્રોટીન, વિટામિન્સ અને ચરબી તેમજ ઓમેગા 3 ફેટી એસિડનો સારો સ્ત્રોત છે. ઓમેગા 3 ફેટી એસિડ બાળકના માનસિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે ઈચ્છો છો કે તમારું બાળક બુદ્ધિશાળી બને તો તમારે ગર્ભાવસ્થા દરમિયાન અખરોટનું સેવન કરવું જોઈએ.

## કોળાના બીજ

ગર્ભાવસ્થા દરમિયાન કોળાના બીજનું સેવન અવશ્ય કરવું જોઈએ. કોળાના બીજ ખાવાથી શરીરને વધુ પ્રોટીન મળે છે. આવી સ્થિતિમાં જો તમે ઈચ્છો છો કે તમારું ભાવિ બાળક સ્માર્ટ બને તો આ ચમત્કારી બીજને આહારમાં સામેલ કરવા જ જોઈએ. આ બીજમાં ઝિંક જોવા મળે છે, જે બાળકના મગજના વિકાસ માટે જરૂરી છે. ઉપરાંત એન્ટિઓક્સિડન્ટ બાળકના મગજની પેશીઓને નુકસાન થવાથી બચાવે છે.

## બદામ

નિષ્ણાતોના મતે ગર્ભાવસ્થા દરમિયાન બદામનું સેવન કરવું જ જોઈએ. કારણ કે બદામમાં સારી માત્રામાં પ્રોટીન, વિટામિન્સ અને હેલ્ધી ફેટ હોય છે. આ સિવાય તેમાં ઓમેગા 3 ફેટી એસિડ પણ હોય છે, જે બાળકના માનસિક વિકાસમાં મદદ કરે છે. આવી સ્થિતિમાં જો તમે ગર્ભાવસ્થા દરમિયાન નિયમિતપણે બદામ ખાઓ છો, તો ગર્ભમાં રહેલા બાળકનું મગજ સ્વસ્થ રહેશે.

## પાલક

ગર્ભાવસ્થા દરમિયાન લીલા શાકભાજીનું સેવન ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને પાલક. પાલકમાં પ્રોટીન, વિટામિન્સ, ફાઈબર અને મિનરલ્સ હોય છે, જે બાળકના મગજના વિકાસમાં મદદ કરે છે. આહારમાં પાલકનો સમાવેશ કરવાથી આંખના સ્વાસ્થ્યને પણ ફાયદો થાય છે. આ સિવાય એનિમિયાનો ખતરો પણ ઓછો રહે છે.



# ગણપતિ મહોત્સવમાં બાપ્પાને ધરાવો કાજુ મોદકનો પ્રસાદ

ગણેશ ઉત્સવ શરુ થઈ ગયો છે. ગણેશ ઉત્સવના આ ખાસ અવસર પર ભગવાન ગણેશને જુદા-જુદા પ્રસાદ ધરાવવામાં આવે છે. ગણેશજીને સૌથી પ્રિય છે મોદક. એટલે જ ગણેશજીને મોદક અચૂક ધરાવવામાં આવે છે. મોદક ઘણા પ્રકારના બનાવવામાં આવે છે. તો આજે આપણે કાજુ મોદક ઘરે કેવી રીતે બનાવી શકાય એની રીત, આ રીતે ઘરે જ મોદક બનાવો અને ગણપતિ બાપ્પાને ધરાવો.

કાજુ મોદકની સામગ્રી • 1 કિલો કાજુ, 2 કપ પાણી, 3અડધો કિલો ખાંડ

## આ રીતથી કાજુના મોદક બનાવો

- કાજુની પેસ્ટ તૈયાર કરો સ્વાદિષ્ટ કાજુના મોદક બનાવવા માટે સૌથી પહેલા કાજુને એક કલાક પાણીમાં પલાળી રાખો. ત્યાર બાદ તેને મિક્સરમાં નાખીને પીસી લો.
- કાજુ અને ખાંડનું મિશ્રણ તૈયાર કરો પાણીમાં ખાંડ ઉમેરો અને ચાસણી તૈયાર કરવા માટે તેને ઉકાળો. આ પછી એક પેનને ધીમી આંચ પર ગરમ કરો. તેમાં કાજુની પેસ્ટ અને ખાંડની ચાસણી 10 મિનિટ સુધી પકાવો. ત્યાર બાદ તેને બાજુ પર રાખો. મિશ્રણને ઠંડુ થવા દો.
- મિશ્રણને મોદકનો આકાર આપો જ્યારે મિશ્રણ ઠંડુ થાય ત્યારે તેને મોલ્ડની મદદથી મોદકનો આકાર આપો. મિશ્રણને 3-5 મિનિટ માટે મોલ્ડમાં રાખો. એ જ રીતે બધા મોદક તૈયાર કરો.
- મોદક સર્વ કરો હવે મોદકને ઓરડાના તાપમાને સ્થિર થવા દો. આ સ્વાદિષ્ટ મોદક ગણપતિને પ્રસાદી રૂપે ધરવા માટે તૈયાર છે.

# ચહેરા પર ડાર્ક સર્કલ દૂર કરવા મુલતાની માટીનો ઉપયોગ કરો



દરેક મહિલાઓ અને યુવતીઓ ઈચ્છે છે કે તેઓ સુંદર દેખાય, લોકો તેમની સુંદરતાની પ્રશંસા કરે છે. આ માટે યુવતીઓ ઘણી મોંઘી બ્યુટી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે અને તેઓ ઘણા ઘરેલૂ ઉપાયો પણ અજમાવે છે, જેથી તેઓ સુંદર દેખાય. પરંતુ યુવતીઓ માટે આ સિવાય વધુ એક વસ્તું છે જે મોટી સમસ્યાનું કારણ બને છે અને તે છે ડાર્ક સર્કલ. તંદુરસ્ત આહાર ન લેવો અને અપૂરતી ઉંઘ ના કારણે આંખની નીચે ડાર્ક સર્કલ થઈ જાય છે. જો તમે પણ ડાર્ક સર્કલને દૂર કરવા માટે માટે તમે મુલતાની માટીનો ઉપયોગ કરી શકો છો.

આંખોની નીચેના ડાર્ક સર્કલને દૂર કરવા માટે સૌથી પહેલા એક બાઉલમાં લગભગ 1થી 2 ચમચી મુલતાની માટી નાખો. આમાં એલોવેરા છોડમાંથી પાંદડા તોડીને તેમાંથી જેલ કાઢો. આ બંને વસ્તુઓને સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને આંખની નીચેની જગ્યા પર લગાવો. તેને લગભગ 15 થી 20 મિનિટ માટે આંખોની નીચે રહેવા દો. આ પછી તેને રૂની મદદથી સાફ કરો. તમે અઠવાડિયામાં 3થી 4 વખત આ અન્ડર આઈ પેકનો ઉપયોગ કરી શકો છો. તેના સતત ઉપયોગથી આંખોની નીચેના ડાર્ક સર્કલ ધીમે ધીમે ઓછા થશે.

એલોવેરા જેલમાં વિટામિન-એ, વિટામિન-સી અને વિટામિન-બી હોય છે જે ત્વચાને પોષણ આપવામાં મદદ કરે છે. તમને જણાવી દઈએ કે આ સ્કિન માટે બેસ્ટ હીલિંગ પ્રોપર્ટી છે જે ત્વચા માટે એક ડોક્ટરનું કામ કરે છે. તેમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ ગુણ ત્વચાને હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે. તેમાં એન્ટી-બેક્ટેરિયલ ગુણ હોય છે જે ત્વચાને તમામ પ્રકારના ઈન્ફેક્શનથી બચાવે છે. મુલતાની માટીમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ તત્વો ત્વચા પર હાજર ટેનિંગને દૂર કરવામાં મદદ કરે છે. તેમાં રહેલા તત્વો ત્વચાની કાળાશને દૂર કરવામાં મદદ કરે છે. મુલતાની માટી ત્વચાને ડીપ ક્લિન કરવામાં ખૂબ અસરકારક સાબિત થાય છે.

# ઓક્ટોબર મહિનામાં ઓછા બજેટમાં આ સ્થળોએ ફરવા જવાનો બનાવો પ્લાન



ઓક્ટોબરનો મહિનો એટલે કે ઠંડીની શરૂઆત. જોકે હરવા-ફરવા માટે ઓક્ટોબરનો મહિનો બેસ્ટ કહેવાય છે. આ સીઝનમાં વરસાદની અને ગરમીની ચિંતા હોતી નથી. દરમિયાન જો તમે ઓક્ટોબરમાં એક નાનો ટ્રાવેલ બ્રેક લેવા ઈચ્છો છો તો એવા 5 ટૂરિસ્ટ ડેસ્ટિનેશન છે. જ્યાં તમે ઓછા ખર્ચમાં ફરવાનો આનંદ ઉઠાવી શકો છો. આ સ્થળો સુંદર છે અને ઓક્ટોબરમાં તેનું હવામાન પણ ખુશનુમા થઈ જાય છે.

- **મેક્લૉડગંજ :** હિમાચલ પ્રદેશનું મેકલૉડગંજ ઓક્ટોબરમાં ફરવા માટે પરફેક્ટ સ્થળ છે. વાંકાચૂકા પહાડી માર્ગો અને ચીડ-દેવદારના ઊંચા વૃક્ષો, એક અલગ રોમાંચ પેદા કરે છે. ત્યાંની તિબેટીયન આબોહવામાં તમે ખૂબ રિફ્રેશ અનુભવ કરશો. ત્યાં દલાઈ લામા પર રહે છે અને આસપાસ ઘણા રેસ્ટોરન્ટ, શોપિંગ એરિયા, પેરાગ્લાઈડિંગ વગેરેની મજા પણ તમે લઈ શકો છો. મેકલૉડગંજ જાવ તો ત્યાંના નામગ્યાલ મઠ, ભાગસુ વોટરફોલ, ત્સુગલગખાંગ, ત્રિઉંડ, ધર્મશાળા અને હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ જેવા સ્થળોની ચોક્કસ મુલાકાત લો.
- **ચિત્તોડગઢ :** ચિત્તોડગઢ એક જૂનુ શહેર છે જ્યાંનો કિલ્લો જોવો જોઈએ. આ કિલ્લો લગભગ 700 એકરમાં ફેલાયેલો છે જેનો ઈતિહાસ મધ્યકાલીન યુગની ખૂની લડતનો સાક્ષી પણ રહ્યો છે. આ કિલ્લો સાહસ અને બલિદાનનું પ્રતીક છે. આ સ્થળ શ્રીકૃષ્ણના ભક્ત મીરાબાઈ સાથે પણ જોડાયેલુ છે અને રાણી પદ્માવતી સાથે પણ. ઓક્ટોબર મહિનામાં તમે ત્યાં પણ ફરવા જઈ શકો છો.
- **ઉદયપુર :** સરોવરનું શહેર ઉદયપુર. ભારતના સૌથી રોમેન્ટિક સ્થળોમાંનું એક છે આ શહેર. ત્યાં મોટી સંખ્યામાં ટુરિસ્ટ દર વર્ષે જાય છે અને ત્યાંની પ્રાચીન સંરક્ષિત હવેલીઓ, મહેલો, ખીણો અને મંદિરોને જોવા આવે છે. ત્યાંનું સિટી પેલેસ, મહારાણા પ્રતાપ સ્મારક, જગ મંદિર, ફતેહ સાગર સરોવર અને પિછોલા સરોવર વગેરે જોઈ શકો છો. ઓક્ટોબર મહિનામાં ત્યાં ફરવાની મજા જ કંઈક અલગ હોય છે. ઠંડી હવામાં ફરવાની મજા બમણી થઈ જાય છે. ત્યાં રહેવા, ફરવા અને ખાવા માટે ઘણા વિકલ્પ છે અને તમે ઓછા બજેટમાં સરળતાથી આ સ્થળને એન્જોય કરી શકો છો.
- **મસૂરી :** મસૂરી દિલ્હીથી લગભગ 279 કિલોમીટરના અંતરે છે. તમે ઓછા ખર્ચમાં મસૂરી સરોવર, કેમ્પ્ટી ફોલ્સ, દેવ ભૂમિ વેક્સ મ્યૂઝિયમ, ધનોલ્ટી, સોહમ હેરિટેજ એન્ડ આર્ટ સેન્ટર, જ્યોર્જ એવરેસ્ટ હાઉસ, એડવેન્ચર પાર્ક, ક્રાઈસ્ટ ચર્ચ, ભટ્ટા ફોલ્સ, મોસી ફોલ્સ, ગન હિલ, લાલ ટિબ્બા, કેમલ્સ બેક રોડ, જબરખેત નેચર રિઝર્વ વગેરે સ્થળો પર ફરી શકો છો.

# કિડની માટે નાળિયેર પાણી ખુબ લાભદાયક

નાળિયેર પાણી સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકારક છે. તેને દરરોજ પીવાથી શરીરમાંથી ઘણી સમસ્યા દૂર કરી શકાય છે. નાળિયેર પાણી શરીર માટે લાભદાયક હોય છે. જેમાં ઘણા પોષક તત્વો હાજર હોય છે, જે શરીરને મજબૂતી પ્રદાન કરે છે. નાળિયેર પાણીમાં એક નહીં પરંતુ અનેક બીમારીઓ દૂર કરવાની ક્ષમતા છે.

નાળિયેર પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ, લોરિક એસિડ, પોટેશિયમ, મેગ્નીશિયમ અને ઝિંક ભરપૂર માત્રામાં હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

નાળિયેર પાણી પીવાથી વજન પણ ઘટે છે. નાળિયેરમાં પોટેશિયમ હોય છે, જે કેલેરી ઘટાડવામાં મદદ કરે છે. જો તમે દરરોજ નાળિયેર પાણીનું સેવન કરશો તો તમારો વજન કંટ્રોલમાં રહેશે.

નાળિયેર પાણીથી શરીર હાઈડ્રેટ રહે છે. કારણ કે તેમાં પોટેશિયમ, સોડિયમ અને મેગ્નીશિય જેવા પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે લાભદાયક હોય છે. તેનાથી શરીરમાં તાજગી રહે છે.

કિડની માટે નાળિયેર પાણી ખુબ ફાયદાકારક છે. જો તમે કિડની સ્વસ્થ રાખવા ઈચ્છો છો તો નાળિયેર પાણી પીવાનું શરૂ કરી દીધો. એક કપ નાળિયેર પાણીમાં 600 મિલીગ્રામ પોટેશિયમ હોય છે, જેનાથી કિડનીને લાભ પહોંચે છે.

નાળિયેર પાણી પીવાથી સ્કિનને પણ લાભ પહોંચે છે. નાળિયેર પાણી પીવાથી ચહેરાની સુંદરતા વધે છે. પાણીની વધુ માત્રાને કારણે સ્કિનને હાઈડ્રેટ રાખવામાં મદદ મળે છે.

નાળિયેર પાણી પીવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે, કારણ કે તેમાં પોટેશિયમ હોય છે. બ્લડ પ્રેશર કંટ્રોલ કરવા માટે નિયમિત નાળિયેર પાણીનું સેવન કરવું જોઈએ.



# નારંગીની છાલ સ્કિનની સાથે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર કરવા માટે ઉપયોગી

નારંગી વિટામિન-સીથી ભરપૂર એક પૌષ્ટિક ફળ છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. નારંગીની છાલ પણ ખૂબ જ હેલ્ધી હોય છે. જે સ્કિનની સાથે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓને દૂર કરવા માટે ઉપયોગી છે. શુગરના દર્દીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે, સાથે જ પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. નારંગીની છાલમાં વિટામિન-સી, કેલ્શિયમ, ફાઈબર, ફોલેટ જેવા પોષક તત્ત્વો મળી આવે છે. જે શરીરને વિવિધ રીતે ફાયદો પહોંચાડે છે.

- **હાર્ટને સ્વસ્થ રાખે છે :** નારંગીની છાલમાં ફ્લેવોનોઈડ હેસ્પરિડિનની માત્રા હોય છે, તે બેડ કોલેસ્ટ્રોલના લેવલને ઓછું કરવામાં મદદ કરે છે. જેનાથી હાર્ટ સંબંધિત બીમારીઓથી બચી શકાય છે.
- **બ્લડ શુગરને કરે છે કંટ્રોલ :** નારંગીની છાલમાં હાજર પેક્ટિન બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરે છે.
- **પાચનતંત્ર :** નારંગીની છાલ પાચનતંત્ર માટે ફાયદાકારક છે. તેમાં હાજર પેક્ટિન પેટમાં સારા બેક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. પાચન સંબંધી સમસ્યાઓ દૂર કરવા માટે નારંગીની છાલની ચા પી શકાય છે. તેને ખાલી પેટ પીવી ફાયદાકારક છે.
- **સ્કિન માટે ફાયદાકારક :** નારંગની છાલ સ્કીન કેર રૂટીન માટે સામેલ કરી શકાય છે. આની છાલમાંથી ઘણા પ્રકારના ફેસ પેક બનાવી શકાય છે.
- **વજન ઘટાડવામાં મદદગાર :** નારંગીની છાલમાં કેલરી ઓછી હોય છે, તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. જે ભૂખને કંટ્રોલ કરે છે. વેટ લોસ ડાયટમાં નારંગીની છાલની ચા સામેલ કરી શકાય છે. તેનાથી વજન ઓછું કરવામાં મદદ મળશે.



# પાકિસ્તાનમાં પૂરે તબાહી મચાવી, છેલ્લા ૨૪ કલાકમાં । ૩૦ લોકોના મોત હજારો ગામો ડૂબી ગયા





ઈસ્લામાબાદ : પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલા ભયંકર પૂરને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા છે અને અધિકારીઓને શહેરોને આફતથી બચાવવા માટે વિસ્ફોટકો લગાવીને પાળા તોડવાની ફરજ પડી છે. શનિવાર સવારથી પંજાબ પ્રાંતના મુખ્ય શહેરોમાં મુશળધાર વરસાદથી લોકોની, ખાસ કરીને પૂરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. અધિકારીઓએ ૨ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી કરી છે, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થવાની સંભાવના છે. પાકિસ્તાનનો સૌથી વધુ વસ્તી ધરાવતો પ્રાંત પંજાબ લગભગ એક અઠવાડિયાથી ભીષણ પૂરની ઝપેટમાં છે અને કરતારપુર સહિત સમગ્ર પ્રાંતમાં ઓછામાં ઓછા ૧,૭૦૦ ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે. શીખો માટે કરતારપુરનું વિશેષ મહત્વ છે.રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર, ૨૬ જૂને દેશમાં ચોમાસાની શરૂઆત અને પૂરથી સંબંધિત ઘટનાઓમાં લગભગ ૮૪૨ લોકોના મોત થયા છે. પંજાબના વરિષ્ઠ મંત્રી મરિયમ ઔરંગઝેબે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પ્રાંતમાં પૂરને કારણે ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા છે. ''પૂરને કારણે પંજાબમાં લગભગ ૧૫ લાખ લોકો બેઘર થયા છે અને પૂરના પાણીમાં ફસાયેલા લગભગ પાંચ લાખ લોકોને બચાવી લેવામાં આવ્યા છે,'' મરિયમે જણાવ્યું હતું.તેમણે કહ્યું કે પૂરને કારણે લગભગ ૨૦૦૦ ગામડાઓ ડૂબી ગયા હતા અને હજારો એકર જમીન પરનો પાક પણ નાશ પામ્યો હતો.

## જાહ્નવી કપૂર તેના પાર્ટનરમાં કેટલાક ખાસ ગુણો ઇચ્છે છે, કપિલ શર્માના શોમાં રહસ્ય ખુલ્યું



। મુંબઇ,તા.૩૧ ।

તાજેતરમાં, જાહ્નવી કપૂર 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં ફિલ્મ 'પરમ સુંદરી'ના સહ-અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે જોવા મળી હતી. બંનેએ ફિલ્મ વિશે વાત કરી, પરંતુ તેમણે તેમના પ્રેમ જીવન વિશે કેટલીક વાતો પણ શેર કરી. જાહ્નવીએ જણાવ્યું કે તે તેના પાર્ટનરમાં કયા ગુણો ઈચ્છે છે.કપિલ શર્માએ શોમાં પૂછ્યું, જાહ્નવી, હું તમને કેવી રીતે પ્રભાવિત કરી શકું? આના પર, તેણીએ કહ્યું, 'તે ખોરાક પર આધારિત છે, સર.' આગળ, સિદ્ધાર્થ મલ્હોત્રા કહે છે, 'તે રસોઈયા ઈચ્છે છે.' પછી જાહ્નવી કપૂર કહે છે, 'મારા પાર્ટનરને રસોઈ કેવી રીતે બનાવવી તે આવડવું જોઈએ, તેને ખોરાકનો શોખ હોવો જોઈએ. હા, તે મસાલેદાર ખોરાક સહન કરી શકતો હોવો જોઈએ.' ખરેખર, જાહ્નવીને મસાલેદાર ખોરાક ખૂબ ગમે છે. તેણી આગળ જવાબ આપે છે, 'અલબત્ત, જો લીલા મરચાં ખોરાક સાથે બાજુ પર ન રાખવામાં આવે, તો તે ખોરાક શું છે? ચાલો તમને જણાવી દઈએ કે વાસ્તવિક જીવનમાં, જાહ્નવી કપૂરનું નામ ઉદ્યોગપતિ શિખર પહારિયા સાથે જોડાયેલું છે, બંને ઘણીવાર સાથે ડેટ પર જોવા મળે છે.જાહ્નવી કપૂરની ફિલ્મ 'પરમ સુંદરી'ને બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળ્યો છે.

### ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક મહિનામાં તણાવપૂર્ણ

## ટ્રમ્પે નવેમ્બરમાં ભારતમાં યોજાનારી ક્વાડ સમિટમાં હાજરી આપવા માટે તેમની મુલાકાત રદ કરી છે

**ક્વાડ એટલે કે ચતુર્ભુજ સુરક્ષા સંવાદમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે । આ જૂથ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે કામ કરે છે**

। ન્યૂયોર્ક, તા.૩૧ ।

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વર્ષે નવેમ્બરમાં ભારતમાં યોજાનારી ક્વાડ સમિટની તેમની મુલાકાત રદ કરી છે. ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક મહિનામાં તણાવપૂર્ણ બન્યા છે, જેના કારણે ટ્રમ્પે ભારતની મુલાકાત લેવાનો ઈરાદો છોડી દીધો છે. ક્વાડ એટલે કે ચતુર્ભુજ સુરક્ષા સંવાદમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. આ જૂથ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે કામ કરે છે. ભારત આ વર્ષે નવેમ્બરમાં નવી દિલ્હીમાં ક્વાડ સમિટનું આયોજન કરવા જઈ રહ્યું છે, જેમાં ચાર દેશોના નેતાઓ ભાગ લેવાના હતા.હાઉ ધ ટ્રમ્પ-મોદી રિલેશનશિપ અનરાવેલ્ડ' શીર્ષકવાળા ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ અને મોદી વચ્ચે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના લશ્કરી અવરોધને કારણે તિરાડ પડી હતી. ટ્રમ્પે વારંવાર દાવો કર્યો હતો કે તેમણે તણાવને સમાપ્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, પરંતુ ભારતે આ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો.અહેવાલ મુજબ, ૧૭



જૂનના રોજ ટ્રમ્પ કેનેડામાં જી૭ સમિટમાંથી વોશિંગ્ટન પરત ફરી રહ્યા હતા ત્યારે ટ્રમ્પ અને મોદી વચ્ચે ૩૫ મિનિટનો ફોન કોલ થયો હતો. આ કોલમાં ટ્રમ્પે ફરીથી દાવો કર્યો હતો કે તેમણે ભારત-પાકિસ્તાન તણાવનો અંત લાવ્યો છે અને એમ પણ કહ્યું હતું કે પાકિસ્તાન તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરવા જઈ રહ્યું છે. ટ્રમ્પે આડકતરી રીતે મોદીને પોતાના માટે નોબેલ પુરસ્કારની ભલામણ કરવા પણ કહ્યું હતું. મોદીએ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને સ્પષ્ટપણે કહ્યું હતું કે તણાવને સમાપ્ત કરવામાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી.ભારત અને પાકિસ્તાને હાલના સંદેશાવ્યવહાર માધ્યમો દ્વારા તેમની સેનાઓ વચ્ચે સીધી વાતચીત દ્વારા યુદ્ધવિરામ કર્યો હતો, અને આ પહેલ પાકિસ્તાન દ્વારા શરૂ કરવામાં આવી હતી. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કેનેડાથી એક વીડિયો સંદેશમાં પણ જણાવ્યું હતું કે મોદીએ ટ્રમ્પને સ્પષ્ટ કર્યું હતું કે ભારત-પાકિસ્તાન તણાવમાં કોઈ અમેરિકાની મધ્યસ્થી નથી અને ન તો ભારતે અમેરિકા સાથે કોઈ વેપાર કરાર કર્યો છે. ભારત ક્યારેય ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારશે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ દ્વારા વારંવાર આપવામાં આવેલા નિવેદનો (૧૦ મે પછી ૪૦ થી વધુ વખત) એ મોદીની ધીરજ તોડી નાખી છે.

### યુએઇ પાસેથી નાણાકીય મદદ માંગી

## ભારત ઓસ્ટ્રેલિયામાં ૧૦ લાખ ઘરો બનાવશે । સરકાર સાથે વાતચીત ચાલી રહી છે

**ઓસ્ટ્રેલિયામાં ઘરોની માંગ વધારે છે જ્યારે પુરવઠો ઓછો છે । આના કારણે, ત્યાં ઘરોના ભાવ ઘણા વધી ગયા છે,કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ**

। નવીદિલ્હી,તા.૩૧ ।

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારત ઓસ્ટ્રેલિયામાં ૧૦ લાખ ઘરો બનાવવા માટે વાતચીત કરી રહ્યું છે અને આ માટે યુએઈ પાસેથી નાણાકીય મદદ માંગી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી ગોયલે આ પ્રોજેક્ટને ૫૦૦ અબજ ડોલરની તક ગણાવી. તેમણે કહ્યું, ''હું ઓસ્ટ્રેલિયાના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી સાથે ૧૦ લાખ ઘરો બનાવવા માટે વાતચીત કરી રહ્યો છું. ૧૦ લાખ ઘરો. કોઈ ગણતરી કરવા માંગે છે? ઓસ્ટ્રેલિયામાં ૧૦ લાખ ઘરો બનાવવા એ ઓછામાં ઓછા ૫૦૦ અબજ ડોલરની તક છે.'' ગોયલે આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી આપી ન હતી, જેમ કે ઓસ્ટ્રેલિયામાં આ ઘરો ક્યાં બનાવવામાં આવશે, ઓસ્ટ્રેલિયન સરકાર તેના પર કેટલા પૈસા ખર્ચ કરશે, અથવા આ સમગ્ર કાર્યમાં ભારતની ભૂમિકા શું હશે.પીયુષ ગોયલે કહ્યું કે ભારત સરકાર ભારતીય કામદારોને ઓસ્ટ્રેલિયા મોકલવાનો પ્રસ્તાવ મૂકે છે, જ્યાં તેમને ઘરો બનાવવાની તાલીમ આપવામાં આવશે. આનાથી તેઓ ત્યાંના નિયમો અનુસાર ઘરો બનાવી શકશે. કેટલાક અહેવાલો અનુસાર, ઓસ્ટ્રેલિયામાં ઘરોની માંગ વધારે છે જ્યારે પુરવઠો ઓછો છે. આના કારણે, ત્યાં ઘરોના ભાવ ઘણા વધી ગયા છે. તાજેતરની ચૂંટણીઓમાં આવાસ પણ એક મહત્વપૂર્ણ મુદ્દો હતો. આ વિશાળ તક (૧૦ લાખ ઘરો બનાવવાની) ને ૫૦૦ અબજ ડોલરની કિંમતની ગણાવતા, ગોયલે કહ્યું કે તેમણે ભારતીય રિયલ એસ્ટેટમાં મહત્વપૂર્ણ રોકાણકાર, સંયુક્ત આરબ અમીરાતનો નાણાકીય મોરચે મદદ માટે સંપર્ક કર્યો છે.યુએઈ ના વાણિજ્ય મંત્રી થાની બિન અહેમદ અલ ઝૈયુદીના નેતૃત્વ હેઠળના વ્યાપાર પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાત દરમિયાન, ગોયલે કહ્યું કે તેમણે યુએઈ ને ભાગીદારીનો પ્રસ્તાવ પણ મૂક્યો છે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ''મેં થાની સાથે વાત કરી છે કે શું આપણે આ વિશાળ તકને નાણાકીય સહાય માટે ભાગીદારીમાં પ્રવેશ કરી શકીએ છીએ.'' ગોયલે કહ્યું કે વિશ્વભરના દેશો ભારત તરફ જોડાણ માટે જોઈ રહ્યા છે અને આપણે આવી તકોનો લાભ લેવાની જરૂર છે. સ્થાનિક ઉદ્યોગ જૂથ સીઆઈઆઈ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, ગોયલે કહ્યું, ''આ તકોનો લાભ લેવાનું અમારું કામ છે.

## કંગના રનૌત ક્વીન ટુ અને તનુ વેડસ મનુ ૩ પર કામ શરૂ કર્યું



। મુંબઇ, તા.૩૧ ।

કંગના રનૌતની છેલ્લી ફિલ્મ ઈમરજન્સી નિષ્ફળ ગઈ હતી. હવે તે ક્વીન ટુ અને તનુ વેડ્સ મનુ ૩ પર કામ કરવાની તૈયારી કરી રહી છે. અભિનેત્રી ફરીથી વિકાસ બહલ અને આનંદએલ રાય સાથે કામ કરશે. એક રિપોર્ટના અનુસાર, કંગના રનૌત હવે ક્વીન ટુ અને તનુ વેડસ મનુ ૩ માટે પોતાની કમર કસી રહી છે. કહેવાય છે કે, અભિનેત્રીએ વિકાસ બહલ અને આનંદ એલ રાયને તેમની ફિલ્મોમાં કામ કરવાને રાજી થઇ ગઇ છે.વિકાસ બહેલ પહેલાથી ક્વીન ટુની સ્ક્રિપ્ટ લોક કરી ચુક્યો છે,અને ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનામાં ભારત અને વિદેશમાં શરૂ કરવામાં આવશે. વિકાસ બહલે ફિલ્મ માટે લોકેશન પણ ફાઈનલ કરી લીધા છે. તનુ વેડસ મનુ ૩ની વાત કરીએ તો આ ફિલ્મનું દિગ્દર્શન આનંદ એલ રાય કરશે. તેણે પણ ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર કરી લીધી છે. આ ફિલ્મમાં કંગના રનૌત એ આર માધવનની જોડી ફરી જોવા મળશે. અભિનેત્રી વિકાસ બહલ અને આનંદએલ રાય સાથે ફરી કામ કરશે. કંગના રનૌતની છેલ્લી ફિલ્મ ઈમરજન્સી નિષ્ફળ ગઇ હતી. હવે તે ક્વીન ટુ અને તનુ વેડ્સ મનુ ૩ પર કામ કરવાની તૈયારી કરી રહી છે. અભિનેત્રી ફરીથી વિકાસ બહલ અને આનંદએલ રાય સાથે કામ કરશે. એક રિપોર્ટના અનુસાર, કંગના રનૌત હવે ક્વીન ટુ અને તનુ વેડસ મનુ ૩ માટે પોતાની કમર કસી રહી છે.

## ભૂકંપના આંચકાથી આ પાડોશી દેશ બે વાર ધ્રુજી ઉઠ્યો, લોકો ગભરાઈ ગયા

। મ્યાનમાર, તા.૩૧ ।

ભારતના પડોશી દેશો છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઘણા ભૂકંપનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને તિબેટમાં ઘણી વખત ભૂકંપના આંચકા આવ્યા છે. તે જ સમયે, રવિવારે, ભારતના બીજા પડોશી દેશ મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ રવિવારે સવારે ૯:૦૪ વાગ્યે ૧૧ સેકન્ડે આવ્યો હતો. શનિવારે રાત્રે મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ભૂકંપના ડરથી લોકો ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રવિવારે સવારે મ્યાનમારમાં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. આ ભૂકંપનું કેન્દ્ર અક્ષાંશ: ૨૬.૬૦ ઉત્તર, રેખાંશ: ૯૬.૦૬ પૂર્વ હતું. તેની ઊંડાઈ જમીનથી ૩૦ કિલોમીટર નીચે નોંધાઈ છે.શનિવારે રાત્રે ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. દ્રઝજી અનુસાર, શનિવારે રાત્રે ૧૦:૩૫:૩૨ વાગ્યે ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર અક્ષાંશ: ૧૫.૩૦ ઉત્તર, રેખાંશ: ૯૬.૩૫ પૂર્વ હતું. તેની ઊંડાઈ જમીનથી ૨૫ કિલોમીટર નીચે નોંધાઈ છે. શનિવારે રાત્રે મ્યાનમારના દક્ષિણ કિનારા નજીક ભૂકંપ આવ્યો હતો. ૪.૫ ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

## ઇઝરાયલી હવાઈ હુમલામાં હુતી વડા પ્રધાનનું મોત, તેમના ઘણા મંત્રીઓ પણ હુમલામાં માર્યા ગયા

। કૈરો, તા.૩૧ ।

ઈરાન સમર્થિત હુથી બળવાખોરોના વડા પ્રધાન અહમદ અલ-રાહવી ગુરુવારે યમનની રાજધાની સનામાં ઈઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયા. હુથી બળવાખોરોએ શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલામાં તેમના ઘણા પ્રધાનો પણ માર્યા ગયા છે. ઈઝરાયલી સૈન્યએ ગુરુવારે કહ્યું હતું કે તેઓએ સનામાં હુથી બળવાખોરોના લશ્કરી મથક પર 'ચોક્કસ હુમલો' કર્યો હતો. શનિવારે હુથી બળવાખોરો દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ઓગસ્ટ ૨૦૨૪ થી હુથી સરકારના વડા પ્રધાન રહેલા અહમદ અલ-રાહવી તે સમયે એક નિયમિત વર્કશોપમાં ભાગ લઈ રહ્યા હતા. આ વર્કશોપમાં, તેમની સરકાર છેલ્લા એક વર્ષના કાર્યની સમીક્ષા કરી રહી હતી. હુથી બળવાખોરોએ ઈઝરાયલ સામે વારંવાર મિસાઈલ હુમલા શરૂ કર્યા છે, ખાસ કરીને ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી. હુથીઓનું કહેવું છે કે આ હુમલાઓ પેલેસ્ટિનિયનોના સમર્થનમાં છે. જોકે મોટાભાગની મિસાઈલો ઈઝરાયલ દ્વારા હવામાં નાશ પામી હતી અથવા પોતાની મેળે નિષ્ફળ ગઈ હતી, પરંતુ તેનાથી હુથીઓના હુમલાઓ અટક્યા ન હતા. અગાઉ, અઠવાડિયાની શરૂઆતમાં, ઈઝરાયલે સનામાં અનેક સ્થળોએ હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા અને ૧૦૨ અન્ય ઘાયલ થયા હતા, હુથી-નિયંત્રિત આરોગ્ય મંત્રાલય અનુસાર.હૌથી બળવાખોરો ફક્ત ઈઝરાયલ પર મિસાઈલો અને ડ્રોનથી જ હુમલો કરી રહ્યા નથી, પરંતુ લાલ સમુદ્રમાં જહાજોને પણ નિશાન બનાવી રહ્યા છે. તેઓ કહે છે કે આ હુમલાઓ પેલેસ્ટિનિયનોના પક્ષમાં છે.

### સોમવારે પુતિન સાથે મુલાકાત છે | ઝેલેન્સકીએ વડા પ્રધાન મોદીને યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ વિશે માહિતી આપી

## પીએમ મોદી યુદ્ધ બંધ કરશે, ટ્રમ્પ જોતા જ રહી જશે, ઝેલેન્સકીએ ફોન પર વાત કરી

। બીજીંગ, તા.૩૧ ।

ચીનના તિયાનજિન શહેરમાં એસસીઓ સમિટ પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચે ફોન પર વાતચીત થઈ છે. બંને ટોચના નેતાઓ વચ્ચેની આ વાતચીત રશિયા-યુક્રેન સંઘર્ષ અંગે થઈ છે.

ઝેલેન્સકીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કોલ કર્યો. આ દરમિયાન, ઝેલેન્સકીએ વડા પ્રધાન મોદીને યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ વિશે માહિતી આપી. તે જ સમયે, વડા પ્રધાન મોદીએ યુક્રેનિયન રાષ્ટ્રપતિને શાંતિ પુનઃસ્થાપિત કરવાના દરેક પ્રયાસમાં ભારતના સમર્થન વિશે જણાવ્યું છે.



પ્રધાન પ્રધાન મોદી અને ઝેલેન્સકી વચ્ચે સંઘર્ષ અંગે ફોન વાતચીત ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન એસસીઓ સમિટમાં મળવાના છે. આવી સ્થિતિમાં, ઝેલેન્સકીને આશા છે કે પીએમ મોદી આ સમય દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે મોટી પહેલ કરી શકે છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને રોકવા માટે ઘણી વખત પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. આ દિશામાં પણ પગલાં લેવામાં આવ્યા છે, પરંતુ તેમના પ્રયાસોનું પરિણામ હજુ સુધી બહાર આવ્યું નથી.તાજેતરમાં, ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે અલગ-અલગ વાતચીત કરી હતી. ૧૫ ઓગસ્ટના રોજ, તેમણે અલાસ્કાના એન્કોરેજમાં પુતિન સાથે ઐતિહાસિક મુલાકાત કરી હતી, જે ૮૦ વર્ષમાં કોઈ રશિયન નેતાની અલાસ્કાની પ્રથમ મુલાકાત હતી. આ દરમિયાન, યુદ્ધવિરામ પર ચર્ચા થઈ હતી, પરંતુ કોઈ નક્કર કરાર થઈ શક્યો ન હતો. ચીનના તિયાનજિન શહેરમાં એસસીઓ સમિટ પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચે ફોન પર વાતચીત થઈ છે. બંને ટોચના નેતાઓ વચ્ચેની આ વાતચીત રશિયા-યુક્રેન સંઘર્ષ અંગે થઈ છે.ઝેલેન્સકીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કોલ કર્યો. આ દરમિયાન, ઝેલેન્સકીએ વડા પ્રધાન મોદીને યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ વિશે માહિતી આપી. તે જ સમયે, વડા પ્રધાન મોદીએ યુક્રેનિયન રાષ્ટ્રપતિને શાંતિ પુનઃસ્થાપિત કરવાના દરેક પ્રયાસમાં ભારતના સમર્થન વિશે જણાવ્યું છે.પ્રધાન પ્રધાન મોદી અને ઝેલેન્સકી વચ્ચે સંઘર્ષ અંગે ફોન વાતચીત ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન એસસીઓ સમિટમાં મળવાના છે.

### મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે રવિવારે તિયાનજિનમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી

### બેઠકમાં સરહદ વિવાદ, કૈલાશ માનસરોવર, વેપાર અને પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા જેવા તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## 'વિશ્વાસ, આદર અને સંવેદનશીલતા સાથે સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ'। વડાપ્રધાન મોદીએ જિનપિંગને કહ્યું

। બીજીંગ, તા.૩૧ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે રવિવારે તિયાનજિનમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. લગભગ એક કલાક ચાલેલી આ બેઠકમાં સરહદ વિવાદ, કૈલાશ માનસરોવર, વેપાર અને પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા જેવા તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. યુએસ ટેરિફથી ઝઝૂમી રહેલી દુનિયાની નજર આ બેઠક પર હતી. લગભગ ૧૦ મહિનામાં પીએમ મોદી અને જિનપિંગ વચ્ચે આ પહેલી મુલાકાત છે. બંને નેતાઓ છેલ્લે ઓક્ટોબર ૨૦૨૪ માં રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટ દરમિયાન મળ્યા હતા. સત્તાવાર સૂત્રોએ સંકેત આપ્યો છે કે તેઓ દિવસના અંતમાં ફરી મળી શકે છે.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ગયા વર્ષે કાઝાનમાં અમારી ખૂબ જ ઉપયોગી ચર્ચાઓ થઈ હતી, જેણે અમારા સંબંધોને સકારાત્મક દિશા આપી હતી. સરહદ પરથી સૈનિકો પાછા ખેંચ્યા પછી શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ સર્જાયું છે.વડા પ્રધાન મોદીએ કહ્યું, 'સરહદ વ્યવસ્થાપન



અંગે અમારા ખાસ પ્રતિનિધિઓ વચ્ચે એક કરાર થયો છે. કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ પણ પુનઃસ્થાપિત થઈ રહી છે. બંને દેશોના ૨.૮ અબજ લોકોના હિત આપણા સહયોગ સાથે જોડાયેલા છે. આનાથી સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ પણ મોકળો થશે. અમે પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે આપણા સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'શાંઘાઈ સહયોગ સંગઠનના ચીનના સફળ અધ્યક્ષપદ માટે હું તમને અભિનંદન આપું છું. ચીન આવવાના આમંત્રણ અને આજે આપણી બેઠક બદલ હું તમારો આભાર માનું છું.અમેરિકાની વેપાર અને ટેરિફ નીતિઓને કારણે ભારત-અમેરિકા સંબંધોમાં અચાનક થયેલા બગાડને ધ્યાનમાં રાખીને આ મુલાકાત મહત્વપૂર્ણ છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે બંને દેશોના ૨.૮ અબજ લોકોના હિત આપણા બંનેના સહયોગ સાથે જોડાયેલા છે. તેમણે કહ્યું કે આ સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ પણ મોકળો કરશે. પીએમ મોદી પછી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે બંને દેશો પરસ્પર સહયોગ માટે તૈયાર છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તિયાનજિનમાં એસસીઓ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું, 'તમને ફરીથી મળીને આનંદ થયો.


































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya